## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડિયાપાડા, જી. નર્મદા
## ટેન્ડર નોટીસ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડિયાપાડા, જી. નર્મદા ખાતે ચાલુ નાંણાકિય વર્ષ ૨૦૨૬–૨૭ માં આયોજીત કરવામાં આવતા કાર્યક્રમો જેવાકે તાલીમ, ખેડુત શિબિર, સેમિનાર અને કૃષિ મેળા જેવી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર લાભાર્થીઓ માટે ચા–નાસ્તો અને ભોજનના અને મંડપ અને શાઉન્ડ સીસ્ટમના ભાવો મંગાવવાના થાય છે. આ માટે અત્રેની કચેરીએ થી કચેરી સમય દરમ્યાન (જાહેર રજા સિવાય) રૂપિયા ૧૫૦૦/– ફી ભરીને ટેન્ડર ફોર્મ મેળવી, ટેન્ડર ભરી ( તમામ ટેક્ષ સહીતના ભાવો સાથે) સદર ટેન્ડર પ્રસિધ્ધ થયેથી ૨૧ દિવસમાં અત્રેની કચેરીને મળે તે રીતે પોસ્ટ/કુરિયર દ્વારા મોકલી આપવાના રહેશે. જેની વિગતવાર માહિતી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી મેળવી શકાશે.

સ્થળ: દેડિયાપાડા

વરિષ્ઠ વૈજ્ઞાનીક અને વડા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડિયાપાડા

કચેરીનાં ઉપયોગ માટે


**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦, જી.નર્મદા**


ICAR

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**જા.નં/ ન.કૃ.યુ/કેવિકે/દેડી/ટી–૭/ /૨૦૨૬** **તા. / /૨૦૨૬**

# ટેન્ડર ફોર્મ

## ચા – નાસ્તા
## અને
## વર્કીંગ લંચ/ડીનર (ભોજન)

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | :– | ૧૫૦૦/– ( અંકે રૂપિયા પંદરસો પુરા) |
| ૨ | ટેન્ડર ફી ભર્યાની તારીખ | :– | |
| ૩ | ટેન્ડર ફી ભર્યાની રીસીપ નં. | :– | |
| ૪ | ટેન્ડર નંબર | :– | |
| ૫ | ટેન્ડર ઈસ્યુ તારીખ | :– | |
| ૬ | ટેન્ડર ફોર્મ ભરીને કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ | :– | ૨૨/૦૪/૨૦૨૬ |
| ૭ | ટેન્ડર ફોર્મ ભરીને મોકલવાનું સરનામું | :– | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦,<br>જી– નર્મદા (ગુજરાત) |
| ૮ | ઓથોરીટીની સહી અને સિકકો | :– | |

# <u>પાર્ટીની પ્રાથમિક માહિતી</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | કાયમી સરનામું (પુરાવા સાથે) | : | |
| ૩ | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું (પુરાવા સાથે) | : | |
| ૪ | મોબાઈલ નંબર / ટેલીફોન નંબર | : | |
| ૫ | ઈ–મેઈલ સરનામું (જો હોય તો) | | |
| ૬ | EMD અંગેની વિગત | | |
| | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર | : | |
| | ડીમાન્ડ ડ્રાફ્ટ રકમ | : | |
| | ડીમાન્ડ ડ્રાફ્ટ તારીખ | : | |
| | ડીમાન્ડ ડ્રાફ્ટની બેન્કનું નામ | : | |
| ૭ | ઈન્કમ ટેક્ષ PAN નંબર | : | |
| ૮ | આધાર કાર્ડ નંબર | : | |
| ૯ | GST નંબર | : | |
| ૧૦ | કંપની રજીસ્ટ્રેશન નંબર / નગરપાલીકાનું સર્ટિફીકેટ નંબર | : | |
| ૧૧ | રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર નંબર | : | |
| ૧૨ | FSSAI નંબર | : | |

- જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ રજુ કરવાનું રહેશે.
- આ ડોકયુમેન્ટ સંબંધિત તમામ શરતો અને બોલીઓ મેં વાંચી છે જે મને કબુલ અને મંજુર છે.

ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો

# <u>ચા– નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) (Rate Quoting Performa)</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩૦૪૦, જી– નર્મદા અંતર્ગત વર્ષ ૨૦૨૬–૨૭ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય ત્યારે ભાગ લેનાર તાલીમાર્થી / લાભાર્થીઓને આપવા માટે ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) વિગેરે પીવાના પાણી સાથેના ભાવ ભાવપત્રકમાં ભરવાના રહેશે અને નીચેની વિગતે અને શરતોને આધીન રહીને સેવાઓ પુરી પાડવાની રહેશે.

| ક્રમ | આઈટમની વિગત | મેનુની વિગત | તમામ ટેક્ષ સાથેના ૧ ડિશનો ભાવ રૂ/. |
|---|---|---|---|
| ૧ | વર્કિંગ લંચ/ડીનર (ભોજન) અને ચા–નાસ્તા | **<u>(૧)ગુજરાતી થાળી–એ :</u>** દાળ, ભાત, શાક– (લીલા શાકભાજી), લાપસી, પીવાનું પાણી અને મુખવાસ | |
| | | **<u>(૨) ગુજરાતી થાળી–બી :</u>** દાળ, ભાત, શાક– (મીક્ષ લીલા શાકભાજી), પુરી/ રોટલી, લાપસી, કચુંબર, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | |
| | | **<u>(૩) ગુજરાતી થાળી–સી :</u>** દાળ, ભાત, શાક–૨ (મીક્ષ લીલા શાકભાજી, કઠોળ શાક), પુરી/ રોટલી,૧ સ્વીટ, ફરસાણ, કચુંબર, પાપડ, છાશ, પીવાનું મીનરલ પાણી અને મુખવાસ | |
| | | **<u>(૪) નાસ્તો :</u>** બટેકા પૌવા/ ખમણ/ સુકુ ફરસાણ/ અન્ય નાસ્તો (૧૫૦ ગ્રામ) | |
| | | (૫) ચા | |
| | | (૬) કોફી | |
| | | **કુલ રકમ** | |

ટેન્ડર ભરનારનું નામ :–

મોબાઈલ નંબર :–

**સ્થળ :..............................**

**તારીખ:.............................** **ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

સરનામું:

# <u>શરતો</u>

| | |
|---|---|
| ૧ | સદર ૨૦૨૬–૨૭ દરમ્યાન તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવાની તારીખ અને સ્થળ નકકી થયે અગાઉથી જાણ કર્યા મુજબનાં અંદાજીત ઓર્ડર પ્રમાણેની સંખ્યા / વ્યકિતઓ માટે ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) તથા જમવા/નાસ્તા માટેના તમામ સાધનોની સાથે પિરસવાના સ્ટાફની સુવિધા પુરી પાડવાની રહેશે. તે અંગેનાં જુદા જુદા મેનું મુજબના ભાવો ભાવપત્રકમાં તમામ પ્રકારના ટેક્ષ, ટોલ, ચાર્જ, ટ્રાન્સપોર્ટ ચાર્જ અને GST સહિતના પ્રતિ ડીસ પ્રમાણે આપવાના રહેશે. |
| ૨ | રસોઈ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની કાચી સામગ્રી, ડબલ ફીલ્ટર્ડ તેલ (મગફળી અથવા કપાસીયા) અને રસોઈ અને પીવાના પાણી માટે R.O. વોટર નો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ, શુધ્ધ અને સાત્વિક રસોઈ બનાવી જણાવેલ સ્થળે પહોંચાડવાનું રહેશે. ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહિ. ઓછામાં ઓછા ભાવ જ નહી પરંતુ વસ્તુની ગુણવત્તા અને સ્પેશીફિકેશન તથા ઉચ્ચ ગુણવત્તાને ધ્યાને લેવામાં આવશે. |
| ૩ | ટેન્ડરમાં જે ભાવ ભરવામાં આવે તે છેકછાક કે સુધારા વધારા વગરના આંકડા સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખવા જયાં છેકછાક કે સુધારા વધારા થતા હોય ત્યા નવેસરથી ભાવ લખી ટુંકી સહી કરવી અને પેન્સીલથી ભાવો લખવા નહીં તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની વિગત પ્રમાણેનું ભાવપત્રક જ માન્ય ગણશે. |
| ૪ | સરકારશ્રી દ્વારા માન્ય થયેલ જાહેર પબ્લિકના આરોગ્યની જાળવણીના નિયમોનુસાર રસોડાની સ્વચ્છતા અને રસોઈ સંબંધી તમામ ચીજવસ્તુઓ, વાસણો, સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૫ | ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) ના ભાવ નર્મદા જીલ્લાના સ્થાનીક કેટરર્સનાં ભાવપત્રકને પ્રાધાન્ય આપવામાં આવશે. |
| ૬ | સમારંભના અંતે સાફ સફાઈ કરી જમવાનું સ્થળ વ્યવસ્થીત ચોખ્ખું કરવાનું રહેશે તેમજ રસોડાની કામગીરીને કારણે યુનિવર્સિટીની માલ મિલકતને નુકસાન થશે તેવા કિસ્સામાં ભોજન સપ્લાયરની જવાબદારી રહેશે. |
| ૭ | ભોજન માટે ઓછામાં ઓછા ૧૦ (દસ) વ્યકિત હોય ત્યારે પણ ભોજન પુરૂ પાડવાનું રહેશે. |
| ૮ | નિયત ટેન્ડર ફોર્મ રોકડથી ૧૫૦૦/– ભરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા ખાતેથી કચેરીના સમય દરમ્યાન મળી રહેશે તેમજ નાણાં રોકડા ભર્યાની રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવી નહિતર સદર ફોર્મ અપુર્ણ ગણી રદ કરવામાં આવશે. |
| ૯ | ભાવપત્રક બંધ કવરમાં મોકલવું અને કવર ઉપર **"ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન)"** એવું લખી વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પારસી ટેકરા, દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦, જી– નર્મદા (ગુજરાત) ખાતે **<u>તા:૨૨/૦૪/૨૦૨૫</u>** સુધીમાં પોસ્ટ/ કુરીયર દ્વારા કચેરીના સમય દરમ્યાન મળે તે રીતે મોકલવું. |
| ૧૦ | ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે **"NAU,KVK Revolving Fund Account, SBI,Dediapada"** ના નામનો રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફટ મોકલવામાં નહીં આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૧૧ | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેચશે તો.<br>(બ)જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) ની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હઠ કરે તો. |
| ૧૨ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમનો રૂા. ૧૫,૦૦૦ /– ( અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ **"NAU,KVK** |

| | |
|---|---|
| | **Revolving Fund Account, SBI,Dediapada"** ના નામનો જમા કરાવવાના રહેશે, જે રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશતઃ જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં<br>(અ) સમારંભના અંતે સાફ સફાઈ કરી જમવાનું સ્થળ યોગ્ય રીતે સાફ સફાઈ કરવામાં ન આવે અને યુનિવર્સિટી તરફથી સફાઈની વ્યવસ્થા કરવામાં આવે, અને<br>(બ) કોન્ટ્રાકટની નકકી કરેલ સમયવિધિ પહેલાં અધવચ્ચેથી કામગીરી છોડીને જતા રહે તો<br>(ક) કોન્ટ્રાકટ મુજબ નકકી કરેલ રસોઈની કામગીરી સંતોષકારક ન કરે તો<br>અન્યથા કોન્ટ્રાકટ પૂર્ણ થયે કામગીરી સંતોષકારક જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ કોઈ પણ જાતના વ્યાજ વગર પુરેપુરી પરત કરવામાં આવશે. |
| ૧૩ | જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવેતે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭માં સિકયોરીટી ડીપોઝીટ (SD)ના ૪.૯૦%(ટકા) સ્ટેમ્પ ડયુટી રકમ વાપરેલ કરારખત કચેરીમા જમા કરાવવાનો રહેશે. |
| ૧૪ | અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટીને સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ જમાં કરાવે પછી પરત કરવામાં આવશે. |
| ૧૫ | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોઈ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અનેસિકયોરીટી ડીપોઝીટ (SD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૧૬ | કાર્યક્રમના અંતે **વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા– ૩૯૩ ૦૪૦, જી– નર્મદા** ના નામનું પાકું બીલ દિન–૭ માં આપવાનું રહેશે. |
| ૧૭ | સરકારશ્રીનાં income tex Department દ્વારા ધારા– ધોરણ મુજબ બીલનાં ચુકવણા સમયે TDS ની કપાત કરવામાં આવશે. |
| ૧૮ | ચા–પાણી–નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, તાવ, અશકિત વિગેરે.)ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૯ | પાર્ટી પાસે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર અને પાનકાર્ડ હોવું જરૂરી છે. |
| ૨૦ | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો/કેટરર્સ તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે. |
| ૨૧ | ભાવપત્રક જમાં થયા પછી કોઈપણ વિગતો ઉમેરી શકાશે નહી. |
| ૨૨ | જે તે પાર્ટીએ વસ્તુની સર્વિસ કે છુટછાટ (ડીસ્કાઉન્ટ)ને લગતી માહીતી કે શરતો ટેન્ડરમાં દર્શાવવાની રહેશે. |
| ૨૩ | ભાવ ભરનાર વ્યાપારીએ જરૂરી પ્રમાણપત્ર, પાન કાર્ડ, સેલ ટેક્ષ નંબર અને **FSSAI** નંબર અને પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. |
| ૨૪ | ભાવ પત્રકમાં આપેલ ક્રમાંક ૧ ની દરેક આઈટમોનો ભાવ તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી માન્ય રાખવામાં આવશે અને ખાસ સંજોગોમાં નકકી કરેલ કમીટી જો માન્ય રાખે તો વધારાના સમય ગાળા માટે આ ભાવ પત્રક માન્ય રાખવામાં આવશે અને વર્ષ દરમ્યાન કોઈ પણ ભાવ વધારો ફેર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૨૫ | માન્ય રાખેલ ટેન્ડર પ્રમાણે ઓર્ડર આપ્યા પછી નિયત સ્પેસીફિકેશન મુજબ આઈટમ પુરી પાડવામાં નિષ્ફળ જશે તો જે તે આઈટમ અન્યથી ખરીદવામાં આવશે અને તે કારણે ટેન્ડરના ભાવ કરતા જે કંઈ ખર્ચ વધશે તે અંગે સઘળી જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે, અને તે તફાવતની રકમ તેઓ પાસેથી વસુલવામાં આવશે. |
| ૨૬ | કામગીરી પુર્ણ થયા પહેલા કોઈપણ પ્રકારનું એડવાન્સ રકમ/ પેમેન્ટ આપવામાં આવશે નહી તથા કામગીરી સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ વડી કચેરીએથી બીલ પાસ થયા બાદ Account Pay ચેક દ્વારા ચુકવણુ |

| | |
|---|---|
| | કરવામાં આવશે. |
| ૨૭ | જો મોકલવામાં આવેલી વસ્તુની ગુણવત્તા જળવાશે નહી તો એમનું પેમેન્ટ અટકાવી દેવામાં આવશે. તેમજ ઓછી ગુણવત્તાવાળી વસ્તુઓ પરત કરવાનો ખર્ચ, ભાડુ જે તે માલિક (પાર્ટી) નો રહેશે. |
| ૨૮ | કરેલ કોન્ટ્રાકનાં સમયગાળા દરમ્યાન સંતોષકારક ભોજન તૈયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોઈ પણ સમયે કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા પાસે અબાધિત રહેશે. |
| ૨૯ | શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૩૦ | દસ્તાવેજો/સાધનિક પ્રમાણપત્રો અને વિગતોની યાદી નીચે મુજબ ક્રમશ નકલ ગોઠવણી કરી સામેલ રાખવી, નહીંતર ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહીં.<br>૧. ટેન્ડર ફી ભર્યાની રસીદ ઓરીજનલ.<br>૨. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ.<br>૩. પાન કાર્ડની નકલ.<br>૪. આધાર કાર્ડની નકલ.<br>૫. જીએસટી (GST) નોધણીનું સર્ટીફિકેટ ( જો GST નંબર ન હોય તો તે અગેનું પ્રમાણપત્ર ભાવ મોકલનાર પાર્ટીના લેટરપેડ પર રજુ કરવાનું રહેશે.)<br>૬. કંપની રજીસ્ટ્રેશનની નકલ/ નગરપાલીકાનું સર્ટિફીકેટની નકલ.<br>૭. રસોઈયા તરીકેનું નોંધણી પ્રમાણપત્રની નકલ.<br>૮. FSSAI સર્ટિફીકેટની નકલ.<br>૯. સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો/કેટરર્સ તરીકેના અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર<br>૧૦. બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી તે સબબનું લેટરપેડ પર પ્રમાણપત્ર. |
| ૩૧ | ફોર્મમાં આપેલ દરેક આઈટમોનો ભાવ ભરવાનો રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જો ભાવો ના મંજુર કરવામાં આવે તો કોઈ કારણ આપવામાં આવશે નહી. |
| ૩૨ | ફોર્મમાં આપેલ ક્રમાંક ૧ની દરેક આઈટમોનો ભાવ ભરવાનો રહેશે અને ૧થી ૫ દરેક આઈટમના કુલ રકમને ધ્યાન માં રાખી મંજુર કરવામાં આવશે. જો ભાવો ના મંજુર કરવામાં આવે તો કોઈ કારણ આપવામાં આવશે નહી. |
| ૩૩ | કોઈપણ વિવાદાસ્પદ કામમાં કે વસ્તુમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડાનો નિર્ણય આખરી રહેશે અને કોઈપણ જાતની કાનુની કાર્યવાહી નર્મદા જીલ્લા પુરતી મર્યાદિત રહેશે. |
| ૩૪ | ભાવો માન્ય થયેથી પાર્ટીએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડીયાપાડાની ૧થી ૩૩ શરતો ઈજારદારને માન્ય અને બંધનકર્તા હોવા અંગેની લેખીત બાંહેધરી રૂા. ૩૦૦/– ના નોન જયુડીશીયરી સ્ટેમ્પ પેપર પર લખી આપવાની રહેશે. |

**સ્થળ:**

**ઉપરોકત શરતો અને બોલીઓ (૧ થી ૩૪)**

**તારીખ:**

**મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિક્કો**

# <u>બાહેધરી પત્ર</u>

પ્રતિ,
વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ.,
દેડીયાપાડા.

અમો નીચે સહિ કરનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડીયાપાડા માટે તાલીમ, ખેડુત શિબીર, સેમીનાર અને કૃષિ મેળા જેવી ખેડુતલક્ષી પ્રવૃતિઓનું આયોજન કરવાનું હોય ત્યારે ભાગ લેનાર તાલીમાર્થી / લાભાર્થીઓને માટે ચા–નાસ્તા અને વર્કિંગ લંચ/ડીનર (ભોજન) ની સેવાઓ માટેની ટેન્ડરમાં આપેલ શરતો ૧થી ૩૪ મુજબનું પાલન કરીશું તથા સંતોષકારક સેવાઓ પુરી પાડવાની અમે બાહેધરી આપીએ છીએ. તેમ છતા કાર્યક્રમ દરમ્યાન શરતોનું ઉલંઘન થાય તો તમો અમારી ડીપોઝીટ કચેરી દ્વારા જપ્ત કરી શકશે એવી બાહેધરી લખી આપીએ છીએ.

સ્થળ :...............................

તારીખ:.............................

પાર્ટીની સહિ અને સિકકા

સરનામું

સંપર્ક–મો.નં.